## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો?—એ દેશી)

**થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે.**

**મેં રાગી પ્રભુ થેં છો નીરાગી, અણજુગતે હોય હાંસી;**
**એકપખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી સાબાશી. થા૦૧**

**અર્થ**—થાશું=તમારી સાથે; થેં=તમે; માંકી=મારી. (આ બધા મારવાડી ભાષાના શબ્દો છે.) હે પ્રભુ! મને આપની સાથે પ્રીત બંધાણી છે, તે આપ નિભાવશો તો લેખે લાગશે, સફળ થશે. હવે પ્રશ્ન એ થાય છે કે હું રાગી છું અને આપ નીરાગી છો, તો આપણા બે વચ્ચેની પ્રીત અયુક્ત ગણાય અને લોકોમાં હાંસી થાય તો શું કરવું? તો કહે છે કે આવો [1]એકપક્ષી સ્નેહ આપ નિભાવશો તો આપને હું શાબાશી આપીશ. કારણ કે દુનિયામાં એકપક્ષી સ્નેહ લાંબો ટકતો નથી, પણ આપ મારા પ્રત્યે સ્નેહ રાખ્યા વગર પણ મારી પ્રીતિ નિભાવશો, મને ઠુકરાવશો નહીં.

**નીરાગી સેવ્યે કાંઈ હોવે, ઇમ મનમેં નવિ આણું;**
**ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦૨**

**અર્થ**—ફરી પ્રશ્ન થાય કે નીરાગીની સેવા કરવાથી શું મળે? પણ એ પ્રશ્ન મનમાં ઊગવા દેવાનો નથી. કારણકે અચેતન (નિર્જીવ) એવો સુરમણિ (ચિંતામણિરત્ન) પણ એની ઉપાસના કરનારને ઇચ્છિત ફળ આપે છે તેમ આપની ભક્તિ પણ ફળશે જ, એમ હું દૃઢપણે માનું છું.

વીતરાગ કશું જ ફળ ન આપે એવા એકદેશીય વિધાનથી ભડકીને સાચી શ્રદ્ધાથી ચલિત ન થવું જોઈએ. કારણ કે ચિંતામણિરત્ન જડ છે, લોકો એની ઉપાસના કરે એની એને ખબર નથી, છતાં એની યથાવિધિ પૂજા-ઉપાસના કરનારને મનોવાંછિત પ્રાપ્ત થાય છે; તો ચૈતન્યસ્વરૂપ એવા પ્રભુની ભક્તિ અફળ કેમ જાય? અર્થાત્ અફળ ન જ જાય. એનાથી વિપરીત વીતરાગ-પ્રરૂપિત ધર્મ તો અચિંત્ય ચિંતામણીસ્વરૂપ છે, અર્થાત્ એમા ચિંતવવા-ઇચ્છા કરવા જેટલો પણ

---

૧. અન્યત્ર આવો અર્થ કર્યો છે—આવો એકપક્ષી સ્નેહ પણ હું નભાવ્યે રાખું છું એમાં મને શાબાશી ઘટે છે—એ જ મારી વિશેષતા છે કે હું સામે નીરાગી હોવા છતાં પણ પ્રેમ ટકાવી રાખું છું.

શ્રમ નથી, વગર માંગ્યે અને વગર ચિંતવ્યે એ ઇચ્છિત ફળ (સ્વર્ગ અને મોક્ષરૂપ) આપે છે.

**ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;**
**સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થા૦૩**

**અર્થ**—જેમ ચંદન સ્વભાવથી જ એનું સેવન કરનારને શીતળતા (ઠંડક) આપે છે અને અગ્નિ સ્વભાવથી જ ટાઢને દૂર કરે છે, તેમ પ્રભુના ગુણ પ્રત્યેનો પ્રેમ સ્વભાવથી જ સેવકના દુઃખો દૂર કરે છે. स्वभावे का तर्कः ? સ્વભાવમાં કોઈ તર્ક નથી ચાલતો. ચંદનનો સ્વભાવ શીતળતા આપવાનો છે, એ ઉષ્ણતા ન આપી શકે કારણકે એ એનો સ્વભાવ નથી, તેમ પ્રભુભક્તિ પણ 'દીવે દીવો પ્રગટે' એ નિયમે જીવને અવશ્ય મોક્ષમાં લઈ જાય છે અને સંસાર દુઃખથી મુક્ત કરે છે.

**વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેજ સંબંધે;**
**અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થા૦૪**

**અર્થ**—હવે કવિ બીજી રીતે પોતાની પ્રીતનું રહસ્ય વર્ણવે છે. વ્યસન એટલે અસ્ત અને ઉદય પ્રમાણે સમુદ્ર ચંદ્રમાને તેજસંબંધને લઈને અનુસરે છે. લૌકિક માન્યતા અનુસાર સમુદ્ર અને ચંદ્ર વચ્ચે પિતા-પુત્રનો સંબંધ છે એટલે ચંદ્ર પૂર્ણિમાને દિવસે પૂર્ણ કળાએ ખીલે છે, ત્યારે સમુદ્રમાં ભરતી આવે છે, અર્થાત્ સમુદ્ર હર્ષ પામે છે; અને અમાવસ્યાને દિવસે ચંદ્ર અસ્ત થાય છે, ત્યારે સમુદ્ર ઓટરૂપ શોક વ્યક્ત કરે છે. આમ સમુદ્ર અને ચંદ્ર વચ્ચે સ્વાર્થનો સંબંધ છે. પણ કુમુદ (ચંદ્રવિકાસી કમળ)ને તો ચંદ્ર સાથે કોઈ સંબંધ નહીં હોવા છતાં પોતાના સ્વભાવથી જ ચંદ્રને અનુસરે છે અર્થાત્ ચંદ્રને જોઈને કુમુદ વિકસ્વર થાય છે, તેમ મારે પણ આપની સાથે શુદ્ધ સ્વભાવ—આપના અને મારા સ્વભાવમાં સામ્યતા—નો જ સંબંધ છે અને એથી જ આપને જોઈને મને મારા સ્વભાવની સ્મૃતિ થાય છે. અનુહરે=અનુસરે.

કમળ જેવો એકેંદ્રિય જીવ, પોતાના જેવો ઉજ્જ્વળ સ્વભાવ જોઈને ચંદ્રને અનુસરે છે, તો મારા જેવો પંચેંદ્રિય સંજ્ઞી મનુષ્ય પ્રાણી પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા, જ્યાં એ સ્વરૂપ પ્રગટ છે એવા આપ પ્રત્યે કેમ ન આકર્ષાય ?

**દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;**
**યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હૈ મેરા. થા૦૫**

**અર્થ**—હે પ્રભુ! બીજા બધા દેવો આપથી નાના છે, કોઈ ને કોઈ દોષથી ભરેલા છે, માત્ર આપ જ જગતમાં મોટા છો, દેવાધિદેવ છો, સર્વ દોષરહિત છો. માટે યશોવિજયજી કહે છે કે, હે ધર્મ જિનેશ્વર! આપ પર મારું દિલ ઠર્યું છે, મારા હૃદયે આપને જ પ્રાણેશ્વર તરીકે સ્વીકાર્યા છે. અનેરા=અન્ય, બીજા.

# પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માનું સ્તવન

**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,**
**આપણો આતમા તેહવો ભાવિએ ।**
**જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,**
**શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** જગતના નાથ એવા પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માના પવિત્ર ધર્મની સ્તવના કરીએ આપણો આત્મા પણ તેવો જ (ધર્મનાથ પરમાત્મા જેવો જ) છે. આવું વિચારીએ કારણ કે બન્ને આત્માની જાતિ એક જ છે તે ક્યારેય પલટાતી નથી. દરેક દ્રવ્યના શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો તે તે વસ્તુમાં સત્તાથી રહેલા છે. ॥ ૧ ॥

**વિવેચન :-** હવે પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :- ત્રણે જગતના નાથ એવા પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માએ આ આત્માનું કલ્યાણ થાય તેવો પરમહિતકારી ધર્મ સમજાવ્યો છે કે જે ધર્મ ઘણો પવિત્ર છે. આત્મસ્વભાવને જ અનુસરવારૂપ છે. તેને બરાબર સમજીએ. તેને જ બરાબર ગાઈએ વારંવાર વાગોળીએ કારણ કે તે ધર્મ જ આ આત્મામાં પ્રગટ કરવા લાયક છે.

આપણો આત્મા પણ નિશ્ચયનયથી તેવો જ છે. અનંત અનંત ગુણ સંપત્તિવાળો જ છે. ભગવાનના આત્મામાં જેવા અનંત ગુણો છે તેવા જ અનંતગુણો મારા આત્મામાં પણ છે જ. તેમનો આત્મા તાળુ ખોલેલી દાગીનાથી ભરેલી પેટી તુલ્ય છે અને મારો આત્મા તાળુ મારેલી પણ દાગીનાથી ભરેલી પેટી તુલ્ય છે. બન્નેની પેટીમાં દાગીના તો અપાર છે તેવી જ રીતે બન્નેના આત્મામાં ગુણો તો અનંત અનંત છે. માત્ર એકમાં ખુલ્લા ગુણો છે બીજામાં આવૃતગુણો છે.

Scanned with CamScanner

તફાવત માત્ર એટલો જ છે કે એકની પેટી તાળુ ખોલેલી છે અને બીજાની પેટી તાળુ મારેલી છે. પરમાત્માનો આત્મા નિરાવરણ છે અને મારો આત્મા સાવરણ છે. આટલો જ માત્ર તફાવત છે. પરંતુ અન્તે તો બન્નેની જાતિ સદાને માટે એક સ્વરૂપ છે. પરમાત્માનો આત્મા પણ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો છે. તેવી જ રીતે મારો આત્મા પણ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો જ છે. બન્નેની વચ્ચે જરા પણ તરતમતા નથી. એટલું જ નહી. પરંતુ અમારી અને પરમાત્માની વચ્ચે જે સમાનતા છે. તે ક્યારેય પલટાતી નથી. પરમાત્મામાં ભલે ખુલ્લા નિરાવરણ અનંતગુણો છે. મારા આત્મામાં તેવા ખુલ્લા નિરાવરણ ગુણો નથી. તો પણ કર્મોથી આવૃત એવી પણ પરમાત્માના જેટલા જ ગુણોની સંપત્તિ મારામાં પણ છે.

મારા આત્મામાં પણ શુદ્ધ એવા અનંત ગુણો અને શુદ્ધ એવા તે ગુણોના અનંત પર્યાયો સત્તામય રીતે છે જ. સંસારી સર્વે પણ આત્મા પરમાત્માના જેવા જ અનંતગુણ અને અનંતપર્યાયમય વસ્તુસ્વરૂપ વાળા છે. સત્તાથી બન્ને સમાન છે.

માટે હે આત્મા ! તારે મનમાં કંઈ ઓછું લાવવાનું છે જ નહીં. તને તાળુ મારેલી પેટી મળી છે. પરમાત્માને તાળુ ખોલેલી પેટી મળી છે. માત્ર આટલો જ તફાવત છે તું તારા તાળાને ખોલવાનો ખોલાવવાનો પ્રયત્ન કર તો પરમાત્માની જેવી જ ગુણસંપત્તિ તારી પાસે પણ છે જ. તે તને દેખાશે અને કાળાન્તરે પ્રાપ્ત પણ થશે જ. ॥ ૧ ॥

**નિત્ય નિરવયવ વલી એક અક્રિયપણે,**
**સર્વગત તેહ સામાન્યભાવે ભણે ।**
**તેહથી ઈતર સાવયવવિશેષતા,**
**વ્યક્તિભેદે પડે જેહની ભેદતા ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મકભાવે જ રહેલી છે. ત્યાં જે નિત્ય હોય, નિરવયવ હોય તથા એક હોય અને અક્રિય હોય તથા સર્વવ્યાપી હોય તેને સામાન્ય કહેવાય છે. તેનાથી વિપરીત હોય તે વિશેષ કહેવાય છે. વ્યક્તિભેદ પ્રમાણે વિશેષની ભેદતા જાણવી. ॥ ૨ ॥

**વિવેચન :-** સંસારમાં રહેલી સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભય ધર્માત્મક છે. ક્યાંય પણ એકલું સામાન્ય કે એકલું વિશેષ હોતુ નથી. સર્વે પણ ભાવો ઉભયધર્માત્મક છે.

**પ્રશ્ન :-** સામાન્ય કોને કહેવાય ? અને વિશેષ કોને કહેવાય ?

**ઉત્તર :-** જે નિત્ય હોય અર્થાત્ સર્વકાલે રહેનાર હોય. એટલે કે અવિનાશી હોય તથા આકાશદ્રવ્યની પેઠે નિરવયવ હોય. જેના વિભાગ એટલે અવયવ થતા ન હોય. તથા સર્વ પદાર્થોમાં વર્તતું હોવાથી જે એક જ હોય છે પણ બે-ત્રણ-ચાર સંભવતાં નથી. તથા જે કોઈ પણ જાતની ક્રિયા કરે નહીં તેથી અક્રિય છે તે સામાન્ય છે. તથા આ સામાન્ય કોઈક પર્યાયમાં હોય અને કોઈક પર્યાયમાં ન હોય એવું નહીં પરંતુ સર્વત્ર વ્યાપ્ત હોય અર્થાત્ સર્વવ્યાપી હોય તેને સામાન્ય કહેવાય છે. સામાન્ય સદા સર્વવ્યાપી જ હોય છે. આ પ્રમાણે નિત્ય, નિરવયવ, એક, અક્રિય અને સર્વવ્યાપી આવા પ્રકારના પાંચ ધર્મવાળો જે પદાર્થ તે સામાન્ય કહેવાય છે તેનાથી જે વિપરીત તે વિશેષ કહેવાય છે. આ વિશેષ તે વ્યક્તિભેદે ભિન્ન ભિન્ન હોય છે. જેટલા પદાર્થો તેટલા વિશેષો હોય છે માટે વિશેષો અનન્ત છે અને આ વિશેષ જ વસ્તુના વ્યવચ્છેદકધર્મ છે. વસ્તુ વસ્તુને અલગ કરનાર ધર્મ છે. આ પ્રમાણે સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે. એકલું સામાન્ય કે એકલું વિશેષ ક્યાંય વર્તતું નથી. વ્યક્તિવાર વિશેષ ભિન્ન ભિન્ન હોવાથી વિશેષો અનંત છે. જ્યારે સામાન્ય સર્વત્ર એક જ છે. આમ

Scanned with CamScanner

સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક સર્વ દ્રવ્યો છે. સર્વ દ્રવ્યોમાં આ બન્ને ભાવો ભરેલા છે. ॥ ૨ ॥

**એકતા પિંડને નિત્ય અવિનાશતા,**
**અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા ।**
**ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,**
**ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** જે એકસ્વભાવતા છે. તે પિંડપણું છે. અર્થાત્ સ્કંધપણું છે. તથા જે નિત્યપણું છે તે અવિનાશિપણું જાણવું. તથા સર્વે પણ દ્રવ્યો પોતાની ઋદ્ધિથી અસ્તિ સ્વભાવવાળાં છે. પોતપોતાના નિયત કાર્યને કરવાપણા વડે ભેદસ્વભાવવાળાં છે તથા ભાવશ્રુતજ્ઞાનથી જાણી શકાય તેવી અનંત અભિલાપ્ય સ્વભાવતા પણ છે. વળી ક્ષણે ક્ષણે પર્યાયોની પરાવૃત્તિ રૂપ ભવ્યસ્વભાવતા પણ સર્વદ્રવ્યોમાં છે. ॥૩॥

**વિવેચન :-** દરેક દ્રવ્યોમાં હોય તેવા સામાન્યસ્વભાવોનું ગ્રંથકારશ્રી વર્ણન કરે છે :-

**(૧) એકત્વસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં જે પિંડપણું છે અર્થાત્ અસંખ્યાત અને અનંત પ્રદેશોની સમુદાયસ્વરૂપતા જે છે તે સઘળી એકસ્વભાવતા છે. જેમ કોઈ એક પુરુષને બીજા પુરુષના પગના એક અંગુઠાનો સ્પર્શ થયો હોય તો પણ તે પુરુષનો સ્પર્શ થયો આમ જે કહેવાય છે અને જો વિજાતીયનો સ્પર્શ થયો હોય તો પ્રાયશ્ચિત્તાદિ જે આવે છે તે આ એકત્વસ્વભાવતાના કારણે છે.

**(૨) નિત્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં ક્ષણે ક્ષણે પર્યાયો પલટાય છે. રૂપાન્તરતા થાય જ છે. તો પણ અવિનાશિતા જે રહે છે અભંગુરતા જે જણાય છે દ્રવ્યની ધ્રુવતા જે અંદર વર્તે છે તે નિત્યસ્વભાવતા છે. કારણ કે સર્વે પણ દ્રવ્ય દ્રવ્યરૂપે તો તેમજ રહે છે.

Scanned with CamScanner

(૩) **અસ્તિસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો પોતાના રૂપે તો ત્રણેકાળે જે હોવારૂપે છે તે અસ્તિસ્વભાવ જાણવો સ્વદ્રવ્યથી સ્વક્ષેત્રથી સ્વકાળથી અને સ્વભાવથી સર્વે પણ દ્રવ્યો સદાકાળ અસ્તિસ્વરૂપ છે આ અસ્તિસ્વભાવ જાણવો.

(૪) **ભેદસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં પોત પોતાનામાં વર્તતા ગુણો અને પર્યાયોનું કાર્ય ભિન્ન ભિન્ન છે તેથી તે તે ગુણ અને તે તે પર્યાયોમાં ભેદસ્વભાવતા પણ છે. જેમ કે આત્મદ્રવ્યમાં જ્ઞાનગુણ જે છે તે જાણવાનું કામ કરે છે. દર્શનગુણ જે છે તે જોવાનું કામ કરે છે અને જે ચારિત્રગુણ છે તે રમણતાનું કામ કરે છે. આ પ્રમાણે કાર્યનો ભેદ હોવાથી દ્રવ્યમાં આખા ગુણોને આશ્રયી ભેદસ્વભાવ પણ અવશ્ય છે.

(૫) **અભિલાપ્ય સ્વભાવ :-** જેના ભાવો શ્રુતજ્ઞાનથી ગમ્ય છે અર્થાત્ શ્રુતજ્ઞાનથી એટલે વચનોચ્ચાર કરવા પૂર્વક જે ભાવો કહી શકાય છે જાણી શકાય છે બોલી શકાય છે તેને અભિલાપ્ય સ્વભાવ કહેવાય છે. આત્મ દ્રવ્યમાં આવા અનંત અભિલાપ્યસ્વભાવો છે કે જે વચનોચ્ચારથી બોલી શકાય છે સમજી શકાય છે અને બીજાને સમજાવી પણ શકાય છે.

(૬) **ભવ્યસ્વભાવ :-** નવા નવા પર્યાય સ્વરૂપે થવા પણું, સર્વે પણ દ્રવ્યોમાં આ સ્વભાવ છે કે જેના આધારે સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે નવા નવા પર્યાય સ્વરૂપે પલટાયા કરે છે જેમકે જીવદ્રવ્ય બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા ઈત્યાદિ રૂપે પરિણામ પામ્યા જ કરે છે.

આમ સર્વે પણ દ્રવ્યોમાં આ છ સ્વભાવો છે તેથી આ સામાન્ય સ્વભાવ કહેવાય છે સારાંશ કે પિંડત્વ એ એકસ્વભાવતા, અવિનાશિત્વ એ નિત્યસ્વભાવ, પોતાના ગુણોમાં વર્તવાપણું તે અસ્તિસ્વભાવ, કાર્ય

Scanned with CamScanner

કરવાની અપેક્ષાએ ભેદસ્વભાવ, ભાવશ્રુતથી જાણી શકાય બોલી શકાય તે અભિલાપ્ય સ્વભાવ અને ક્ષણે ક્ષણે નવા નવા પર્યાયરૂપે પરિવર્તન થવા પણું તે ભવ્યસ્વભાવ આમ આ સામાન્યસ્વભાવો જાણવા. કારણકે આ સ્વભાવો સર્વ પણ દ્રવ્યોમાં છે. ॥ ૩ ॥

**ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,**
**નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા ॥**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,**
**વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** ક્ષેત્રને આશ્રયી, ગુણને આશ્રયી, તથા ભાવને આશ્રયી જે અવિભાગપલિચ્છેદતા તે અનેકસ્વભાવ જાણવો. તથા પ્રતિસમયે નાશ અને ઉત્પાદ તે અનિત્યસ્વભાવ જાણવો. પર દ્રવ્યાદિરૂપે ન થવા પણું તે નાસ્તિસ્વભાવ જાણવો. એક જ ક્ષેત્રમાં વ્યાપીને રહેવા સ્વરૂપે અભેદસ્વભાવ. જ્ઞાનથી ગમ્ય પરંતુ વચનથી અવાચ્ય એવો સ્વભાવ તે અવક્તવ્યસ્વભાવ. સર્વે પણ વસ્તુઓ પોતપોતાના સ્વરૂપમાં નિશ્ચિત છે વસ્તુસ્વરૂપે પલટાય નહીં. તે અભવ્યસ્વભાવ આમ આ સામાન્ય સ્વભાવો જાણવા. ॥ ૪ ॥

**વિવેચન :-** જે સ્વભાવો સર્વદ્રવ્યોમાં હોય. પરંતુ અમુક દ્રવ્યોમાં હોય અને અમુક દ્રવ્યોમાં ન હોય તેવું જયાં નથી. તે સામાન્ય સ્વભાવ કહેવાય છે. આવા સામાન્ય સ્વભાવોનું વર્ણન જે ચાલુ છે તે હવે આગળ સમજાવે છે :-

**(૧) અનેકસ્વભાવતા :-** ક્ષેત્ર આશ્રયી સર્વે પણ દ્રવ્યો અસંખ્યાત આકાશાસ્તિકાયમાં - એટલે કે અસંખ્યાત પ્રદેશવાળા ક્ષેત્રમાં અવગાહીને રહ્યા છે. તેથી અનેક એટલે કે અસંખ્યાતપ્રદેશાવગાહિતા રૂપ અનેકસ્વભાવતા છે ધર્મ-અધર્મ-દ્રવ્ય અસંખ્યાતપ્રદેશોમાં અવગાહીને

Scanned with CamScanner

રહ્યા છે આકાશ અનંત પ્રદેશોમાં અવગાહીને રહ્યું છે જીવ સૂક્ષ્મમાં સૂક્ષ્મ થાય તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાત આકાશપ્રદેશમાં વ્યાપ્ત છે પુદ્ગલાસ્તિકાયના સ્કંધો પણ અસંખ્યાત આકાશપ્રદેશમાં વ્યાપ્ત છે.

તથા સર્વે પણ દ્રવ્યો ઘણા ગુણો વાળાં છે તે ગુણોના અવિભાગ વિચારીએ તો પણ સર્વે દ્રવ્યો અનંત અનંત આવા અવિભાગોથી ભરેલાં છે. આમ ગુણોના અવિભાગોથી પણ સર્વે દ્રવ્યો અનેકસ્વભાવતાવાળાં છે. અનંતાનંત ગુણાવિભાગ વાળાં છે.

તથા ભાવને આશ્રયી એટલે કે પર્યાયને આશ્રયી તો અનંતતા છે જ. જ્ઞાનાદિગુણોની હાનિ-વૃદ્ધિરૂપ જે પર્યાયો છે તે પર્યાયોની અનેકતાથી સર્વે પણ દ્રવ્યો ભરપૂર ભરેલાં છે. આમ ક્ષેત્ર આશ્રયી, ગુણઆશ્રયી અને પર્યાયઆશ્રયી અનંતભાવવાળાં હોવાથી અનેક સ્વભાવતા નામના સ્વભાવથી સર્વે દ્રવ્યો વ્યાપ્ત છે.

**(૨) અનિત્યસ્વભાવતા :-** સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે જુના પર્યાયપણે નાશ અને નવા પર્યાયપણે ઉત્પાદ પામ્યા જ કરે છે. આ ધારા ક્યારેય અટકતી નથી. માટે જુના નવા પર્યાયને આશ્રયી સર્વે દ્રવ્યો પ્રતિસમયે પલટાતાં હોય છે તે તેનો અનિત્ય સ્વભાવ જાણવો.

**(૩) નાસ્તિતાસ્વભાવ :-** કોઈ પણ વિવક્ષિત દ્રવ્ય પોતાના સ્વરૂપે છે પરંતુ પરસ્વરૂપે નથી. જેમ ધર્માસ્તિકાય તે અધર્માસ્તિકાય રૂપે નથી. અધર્માસ્તિકાય તે ધર્માસ્તિકાય રૂપે નથી. ચૈત્ર તે મૈત્રરૂપે નાસ્તિ છે. મૈત્ર તે ચૈત્રરૂપે નાસ્તિ છે. આમ સર્વે પણ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે જેમ અસ્તિ સ્વભાવવાળાં છે. તેવી જ રીતે પરદ્રવ્યરૂપે નાસ્તિસ્વભાવવાળાં પણ અવશ્ય છે જ.

**(૪) અભેદસ્વભાવતા :-** સર્વે પણ દ્રવ્યોમાં અનંત અનંત ગુણો અને અનંત અનંત પર્યાયો રહેલા છે. તે ગુણો અને પર્યાયો પોતપોતાનું

Scanned with CamScanner

ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. જેમ કે જ્ઞાનગુણ જાણવાનું, દર્શનગુણ જોવાનું ચારિત્ર ગુણ આચરણનું એમ સર્વે ગુણો ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. તો પણ પોતાના આધારભૂત મૂલદ્રવ્યમાં વ્યાપીને જ આ ગુણો અને પર્યાયો પ્રવર્તે છે દ્રવ્યથી બહાર ક્યાંય ગુણ-પર્યાયો પ્રવર્તતા નથી. તેથી દ્રવ્યની સાથે એકાકાર રૂપ હોવાથી એક જ ક્ષેત્રમાં એકાધારપણે વ્યાપીને આ ગુણ અને પર્યાયો પ્રવર્તે છે. તે અભેદસ્વભાવતા જાણવી.

**(૫) અવક્તવ્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો અનંત અનંત ધર્મવાળાં એટલે કે ગુણ-પર્યાયવાળાં છે. તે શાસ્ત્રના આધારે જ્ઞાનથી જાણી શકાય છે. પરંતુ વચનથી કહી શકાતાં નથી. તે માટે આવું અનભિલાપ્યપણું જે છે તે અવક્તવ્યસ્વભાવ પણ સર્વ દ્રવ્યોમાં છે.

**(૬) અભવ્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે નવા નવા પર્યાયસ્વરૂપે પલટાય છે પરિવર્તન પામે જ છે. તો પણ પોતપોતાના નિશ્ચિત પર્યાયોથી અન્યદ્રવ્યના પર્યાયરૂપે ક્યારેય પરિણામ પામતા નથી. જીવદ્રવ્ય ક્યારેય અજીવદ્રવ્યના પર્યાયરૂપે પરિણામ પામતા નથી. આવો તે દ્રવ્યોમાં જે સ્વભાવ છે તે અભવ્યસ્વભાવ જાણવો. જીવ ક્યારેય અજીવ ન થાય અને અજીવ ક્યારેય જીવ ન થાય. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જ ક્ષેત્રમાં સાથે સાથે જ રહ્યાં છે. તો પણ ક્યારેય એકદ્રવ્ય બીજાદ્રવ્યરૂપે થતું નથી. તે સઘળો આ અભવ્યસ્વભાવનો જ પ્રતાપ છે.

આ સર્વ સ્વભાવોનું વર્ણન સમ્મતિતર્ક તથા ધર્મસંગ્રહણીમાં મહાત્મા પુરુષોએ કરેલું છે અને સરળ ગુજરાતીભાષામાં જ પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ દ્રવ્યગુણપર્યાયના રાસમાં ઢાળ ૧૧ મીની ગાથા ૫ થી ગાથા ૧૨ સુધીમાં કુલ ૧૧ સામાન્યસ્વભાવો

Scanned with CamScanner

સમજાવ્યા છે. તથા સ્યાદવાદ રત્નાકરાવતારિકામાં પણ આ સ્વભાવો સમજાવ્યા છે. આમ અનેકગ્રંથોમાં આ વસ્તુનું વર્ણન કરેલું છે. વિશેષ વર્ણન તે ગ્રંથોમાંથી જાણી લેવા ભાવભરી વિનંતિ છે. ॥ ૪ ॥

**ધર્મ પ્રગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,**
**ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામન,**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,**
**વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** હવે વિશેષસ્વભાવો સમજાવે છે. પોતપોતાના જ્ઞાનાદિ ગુણોનું જે પ્રગટ થવું તે પ્રાગ્ભાવતા સ્વભાવ, તથા સર્વગુણોની જે શુદ્ધતા તે શુદ્ધસ્વભાવ, પોતાના સર્વગુણોનું જે ભોગવવાપણું તે ભોક્તૃત્વસ્વભાવ, સર્વભાવોને જાણવા-દેખવાનું કામકાજ કરવું તે કર્તૃત્વસ્વભાવ. તથા સ્વગુણ અને સ્વપર્યાયોમાં રમવાપણું તે રમણતાસ્વભાવ. તથા પોતાના સર્વ પ્રદેશોની શુદ્ધતા પ્રાપ્ત થવી તે શુદ્ધસ્વભાવ. વળી આત્મામાં રહેલું જાણવાપણું તે ચૈતન્યસ્વભાવ તથા વ્યાપ્ય વ્યાપકતા, અને ગ્રાહ્યગ્રાહકતા વિગેરે વિશેષસ્વભાવો જાણવા. ॥ ૫ ॥

**વિવેચન :-** હવે આ ગાથામાં વિશેષસ્વભાવો સમજાવે છે. ચેતન દ્રવ્યમાં ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે પોતાની ચેતનતાનો જે ઉઘાડ થવો તે (૧) આવિર્ભાવસ્વભાવ. તથા કર્મો દૂર થવાથી પોતાના જ ગુણોની જે શુદ્ધતા પ્રગટ થવી પોતાના સર્વ ગુણો ક્ષાયિકભાવે જે પ્રગટ થાય તે (૨) શુદ્ધસ્વભાવ.

પોતામાં કર્મોનો ક્ષય થવાથી પ્રગટ થયેલા ગુણોને આ આત્મા ભોગવે છે. તે તે ગુણોમાં પૂર્ણપણે વર્તે છે તે (૩) ભોક્તૃત્વસ્વભાવ તથા જગતના સર્વ ભાવોને જાણવા-દેખવા પણે પ્રવર્તન કરવું તે જ્ઞાન દર્શનાત્મક પ્રક્રિયાનો (૪) કર્તૃત્વ સ્વભાવ જાણવો.

Scanned with CamScanner

તથા પોતાના ગુણોને અને પોતાના પર્યાયોને નિરંતર પામવાપણું એટલે કે પોતપોતાના ગુણ-પર્યાયોમાં રમવાપણું, પ્રવર્તવાપણું તે (૫) **રમણતાસ્વભાવ** તથા કર્મોનો ક્ષય થવાથી ક્ષાયિકભાવે પોતાના ગુણ-પર્યાયોની જે પ્રગટતા થવી તે પોતાના ક્ષાયિક ભાવના શુદ્ધપર્યાયોમાં પ્રતિસમયે પરિણામ પામવાપણું તે (૬) **પારિણામિકસ્વભાવ.** આ આત્માના સર્વપ્રદેશો સંપૂર્ણ શુદ્ધ છે.

તથા (૭) **તત્ત્વચૈતન્યતા :-** આ આત્મામાં તાત્ત્વિક એવી ચૈતન્યતા નામનો જે ગુણ છે તે અન્ય કોઈ દ્રવ્યમાં નથી. જીવનો મૂલભૂત આ ધર્મ છે. સ્વ-પર પ્રકાશક એવી જે ચૈતન્યતા છે. તે જીવમાં જ છે અન્ય દ્રવ્યોમાં નથી. તેથી આ જીવનો વિશેષગુણ છે.

(૮) **વ્યાપ્યવ્યાપકતાગુણ :-** આ આત્માના લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા આત્મપ્રદેશો છે તે સર્વપ્રદેશોમાં જ્ઞાનાદિ ગુણો વ્યાપીને રહ્યા છે કોઈ પણ આત્મપ્રદેશોમાં આ ગુણ ન હોય એમ નથી. માટે ગુણો તે વ્યાપ્ય અને આત્મા તે વ્યાપક આ રીતે આ ગુણો પણ જીવદ્રવ્યમાં જ માત્ર હોવાથી વિશેષગુણ છે.આ વ્યપ્યવ્યાપકતાગુણ.

(૯) **ગ્રાહ્ય-ગ્રાહકતાગુણ :-** આત્મા એ જ્ઞાનાદિગુણોનો ગ્રાહક છે. અને જ્ઞાનાદિગુણો એ આત્માવડે ગ્રાહ્ય છે. આ સ્વભાવ જીવમાં અનાદિકાળથી હતો જ. પરંતુ કર્મોના આવરણને લીધે આ ગુણ ઢંકાયેલો હતો. તે કર્મોના આવરણો દૂર થતાં પૂર્ણપણે પ્રગટ થયો છે આ કારણે પરમાત્મા સ્વરૂપાવલંબી થયા. પોતાના ગુણોમાં જ રમનારા બન્યા. ॥ ૫ ॥

**સંગ પરિહારથી સ્વામી નિજપદ લહ્યું,**
**શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું ।**

Scanned with CamScanner

**જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,**
**પરતણો સંગ સંસારતાયે ગ્રસ્યો ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** પરમાત્મા શ્રી વીતરાગપ્રભુમાં જે આવી અનંતગુણોની સંપત્તિ પ્રગટ થઈ છે. તે પરદ્રવ્ય જે પુદ્ગલાસ્તિકાય, તેના સંગનો પરિહાર કરવાથી જ સ્વામીએ આવું શુદ્ધ પોતાનું પદ મેળવ્યું છે હે પ્રભુ । તમે ક્ષાયિકભાવનું શુદ્ધ એવું આત્માસંબંધી અનંતગુણોના આનંદવાળું પદ પ્રાપ્ત કર્યું છે. જ્યારે હું તો પરભાવમાં જ આસક્ત બનવાથી સંસારસાગરમાં ડુબ્યો છું. પર એવા પુદ્ગલ દ્રવ્યની સોબત કરવાથી અનંતજન્મમરણસ્વરૂપ સંસારમાં જ ફસાયો છું. ॥ ૬ ॥

**વિશેષાર્થ :-** ઉપરની પાંચમી ગાથામાં સમજાવ્યું તેમ આ પરમાત્મામાં અનંત અનંત ગુણોની સંપત્તિ જે રીતે પ્રગટ થઈ છે તે રીત હવે સમજાવે છે.

હે પરમાત્મા ! તમે પુદ્ગલના સંગનો શક્ય બને તેટલો ત્યાગ કરતાં કરતાં સર્વથા તેનો પરિહાર કર્યો. **"પરના સંગના સર્વથા પરિહારથી જ હે સ્વામી ! તમે પોતાના આત્માનું શુદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે."**

આ શુદ્ધ પદ કેવું છે ? તે સમજાવે છે કે આ શુદ્ધપદ શુદ્ધ તો છે જ. તદુપરાન્ત ક્ષાયિકભાવનું હોવાથી સર્વથા કર્મોના આચ્છાદન વિનાનું હોવાના કારણે આત્માના પરમ આનંદસ્વરૂપ આ પદ છે જેને તમે સિદ્ધ કર્યું છે. સંગૃહીત કર્યું છે. અવ્યાબાધ આનંદવાળું આ પદ હે પરમાત્મા ! તમે સર કર્યું છે ધન્ય છે તમને અને ધન્યવાદ છે તમારી વર્તણુકતાને કે જે અનાદિકાલીન મોહરાજાના સૈનિકોવડે આ આત્મા ઘેરાયેલો હતો તે સર્વનો વિનાશ કરીને સત્તામાં રહેલું પોતાનું શુદ્ધ સ્વરૂપ આપશ્રી પ્રગટ કરી શક્યા છો. અને આત્માના શુદ્ધ ક્ષાયિકભાવના અવ્યાબાધ આનંદસુખને સંગૃહીત કરી શક્યા છો.

Scanned with CamScanner

જ્યારે હું તો પરભાવના પૌદ્ગલિક નિમિત્તો મળતાં તેના જ રૂપરંગમાં મોહાન્ધ થઈને પરભાવરૂપે પરિણામ પામીને વર્તમાનકાલે વર્તતી પરાનુયાયિતાના કારણે જ ભવોદધિમાં એટલે કે સંસારસાગરમાં જ ડુબેલો છું. પર એવાં પુદ્ગલદ્રવ્યોના જ રૂપ-રંગાદિ જે મોહકભાવો છે. તેમાં જ મોહાન્ધ બનીને આસક્ત થઈને નવાં નવાં કર્મો બાંધવા દ્વારા ભવોદધિમાં ડુબેલો છું. પરદ્રવ્યની સોબતે મને આ સંસારસાગરમાં ડુબાડ્યો છે. હું સંસારમાં ડુબ્યો છું. અને પર એવા પુદ્ગલદ્રવ્યની સોબતે મને ડુબાડ્યો છે. જેથી તમારામાં અને મારામાં મોટો ભેદ ઉભો થયો છે.

હે પરમાત્મા ! તમે અસંગી છો અને હું કર્મપુદ્ગલના સંગ વાળો છું તેના કારણે અનેક ઉપાધિઓનો સંગી છું. તમે મુક્ત છો હું કર્મોથી બંધાયેલો છું. તમે અકર્મા છો. હું કર્માશ્રિત બન્યો છું. તમે સ્વરૂપભોગી છો. હું પુદ્ગલભોગી છું. તમે સ્વગુણપરિણામી છો. હું પુદ્ગલાશ્રિત રાગ અને દ્વેષના પરિણામે પરિણામી છું.

આ કારણે હે પ્રભુજી ! માહરે તો માહરી ભૂલથી જ કંઈક નવું જ બન્યું છે. જે મારી સત્તામાં પણ ન હતું. તેવું પરનું કર્તાપણું પરમાં પરિણામ પામવાપણું વિગેરે દૂષિત ભાવો ઉત્પન્ન થયા છે. આવું અશુદ્ધ કર્તાપણું મેં સ્વીકાર્યું છે. તેના જ કારણે મારા પોતાના સ્વગુણોનું આચ્છાદન કરીને હું પર એવા પુદ્ગલદ્રવ્યનો જ ગ્રાહક-પરિણામક અને તેમાં જ પ્રવૃત્તિશીલ થયો છું.

આવા પ્રકારનાં પુદ્ગલદ્રવ્યોને જ ગ્રહણ કરવાથી તેમાં જ આસક્ત બનવાથી મારો આ આત્મા પુદ્ગલભોગી બની ગયો છે. આ કારણે તમારા અને મારા વચ્ચે મોટુ અંતર પડી ગયું છે તેના કારણે જ હું સંસારી અને તમે સિદ્ધ છો. હું કર્મોથી બંધાયેલો અને તમે કર્મોથી સર્વથા મુક્ત છો. હું ઘર-હાટ સજાવવામાં તથા દાગીના કપડાંના રૂપ-રંગમાં જ અંજાયેલું છે. અને તમે તે સર્વ દૂષિતભાવોથી રહિત છો. આમ મારા અને તમારા વચ્ચે મોટું અંતર છે. ॥ ૬ ॥

Scanned with CamScanner

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો,**
**અન્યસંશ્લેષ જિમ ફિટક નવિ સામલો ।**
**જે પરોપાધિથી દુષ્ટપરિણતિ ગ્રહી,**
**ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહી ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** તો પણ સત્તાગુણે કરીને સંગ્રહનયની દૃષ્ટિએ આ જીવ અત્યન્ત નિર્મળ છે જેમ સ્ફટિકને અન્યદ્રવ્યનો સંયોગ થાય તો પણ તે શ્યામ બનતો નથી. પર ઉપાધિ થકી આ આત્મામાં જે (કર્મબંધના હેતુભૂત) દુષ્ટપરિણતિ ગ્રહણ થાય છે તે સર્વ મલીન સ્વરૂપ કર્મસંયોગે થાય છે. પરમાર્થે તાદાત્મ્યસંબંધથી આવી મલીનતા મારા આત્મામાં નથી. ॥ ૭ ॥

**વિવેચના :-** પૂર્વબદ્ધ મોહનીયાદિ કર્મોના ઉદયની પરવશતાના કારણે ભલે હું મલીન બન્યો છું. કર્મ બાંધનાર થયો છું. તો પણ સંગ્રહનયની અપેક્ષાએ સત્તાથી હું સિદ્ધ પરમાત્માની તુલ્ય અનંત અનંત ગુણોનો સ્વામી છું. અત્યન્ત નિર્મળ છું. સર્વથા નિષ્કલંક છું અન્ય દ્રવ્યોનો અસંગી છું. મૂલસ્વરૂપે અરૂપી દ્રવ્ય છું. હાલ જે કંઈ મલીનતા આદિ ભાવો દેખાય છે તે સર્વે પણ અન્ય દ્રવ્યના સંયોગે જ થયેલા છે. પરમાર્થે તે ભાવો મારા નથી.

જેમ સ્ફટિક સદા ઉજ્જવળ અને સફેદ જ હોય છે તો પણ કાળા-નીલા-પીળા એવા વસ્ત્રાદિ પર પદાર્થોના યોગે તે સ્ફટિક પણ કાળો - નીલો - પીળો દેખાય છે પરંતુ તે બધુ ભ્રમાત્મક જ હોય છે. કાળા આદિ રંગવાળાં વસ્ત્રાદિની ઉપાધિને જ્યારે દૂર કરવામાં આવે છે. ત્યારે તે જ સ્ફટિક ઉજ્વલ અને સફેદ દેખાય છે. અર્થાત્ સ્ફટિક પોતે પોતાની જાત બદલતો નથી.

તેવી જ રીતે આ આત્મા અનંતગુણોનો સ્વામી છે અને અત્યન્ત

Scanned with CamScanner

નિર્મળ છે. અને તેવો જ રહે છે માત્ર પર એવા કર્મોની ઉપાધિથી દુષ્ટ પરિણતિવાળો બને છે. નવાં નવાં કર્મો બાંધે છે અને તેનાથી પોતાના ગુણો અવરાય છે (ઢંકાય છે) તેથી દૂષિત થાય છે અને દુષિત દેખાય છે-મોહાન્ધ જણાય છે.

પરંતુ તત્ત્વજ્ઞાની મહાત્માઓ આ આત્માને શુદ્ધ બુદ્ધ અને નિર્મળ જ જાણે છે અને શુદ્ધ-બુદ્ધ-નિર્મળ છે જ. જેમ કાદવ-કીચડ અને વીષ્ટામાં પડેલું સોનું મલીન દુષિત પદાર્થોથી ખરડાયેલું દેખાય છે પરંતુ પોતાનું સુવર્ણપણાનું અસલી રૂપ અલ્પમાત્રાએ પણ તેમાંથી ચાલ્યું જતું નથી.

આ આત્મા પણ આવો જ છે એમ શ્રદ્ધાવંત મહાત્માઓ શ્રદ્ધાગુણથી આ વાત જાણે જ છે તથા પર ઉપાધિથી (પૂર્વે બાંધેલા મોહનીયના ઉદયથી) રાગાદિભાવવાળી દુષ્ટ પરિણતિ પ્રાપ્ત કરીને કર્મોનું કર્તાપણું ગ્રહણ કર્યું છે. તે સર્વ ઔપચારિકભાવ છે. પરમાર્થે આત્માનું આ સ્વરૂપ નથી. આ સર્વ ઔપાધિકભાવ છે મારા આત્માનો મૂલભૂત આ ભાવ નથી.

સંયોગ સંબંધથી આ ભાવ આવ્યો છે પરંતુ સમવાયસંબંધે આ ભાવ મારો પોતાનો નથી. આ આત્મામાં જે વિભાવદશા છે. તે સઘળી તદુત્પત્તિસંબંધવાળી કૃત્રિમ છે. સહજ નથી. એટલે કે તાદાત્મ્ય સંબંધથી આ મલીનતા આવી નથી. તાદાત્મ્યસંબંધથી તો આ આત્મા સિદ્ધ પરમાત્મા જેવો શુદ્ધ-બુદ્ધ નિરંજન જ છે.માત્ર સંયોગ સંબધથી મલીનતા આવી છે.

સુવર્ણને લાગેલી ધૂલ આદિ મલીનતા દૂર કરી શકાય છે સુવર્ણ અસલી સ્વરૂપવાળું બની શકે છે. તેમ આ આત્મા પણ કર્મોના સંયોગે મલીન થયો છે પરંતુ પરમાર્થે પોતે મલીન થતો જ નથી. તેથી કર્મો દૂર કરવાથી પોતાનું અસલી સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે. પરમાત્મા બની શકાય છે. માત્ર મેલ દૂર કરવાની જ જરૂર છે. ॥ ૭ ॥

Scanned with CamScanner

**તિણે પરમાત્મપ્રભુ ભક્તિરંગી થઈ,**
**શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિ મયી ॥**
**આત્મગ્રાહક થયે તજે પર ગ્રહણતા,**
**તત્ત્વભોગી થયે ટળે પર ભોગ્યતા. ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** તે કારણે હમણાં પરમાત્માની ભક્તિનો રંગી થયો છતો જો શુદ્ધ કારણ સેવવાનો રસિક બનીને તત્ત્વ પરિણતિમાં મગ્ન બને, પરમાત્મામાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખીને પોતાનું તેવું સ્વરૂપ સ્મૃતિગોચર થાય તે સ્વરૂપને જ પ્રગટ કરવા પ્રયત્ન કરે પરદ્રવ્યોની ગ્રાહકતાનો ત્યાગ કરે, તત્ત્વનો ભોગી થયે છતે પરદ્રવ્યોની ભોગ્યતાને ત્યજે. તો આ રીતે આ આત્મા આ કાળે પણ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે કરી શકે છે. ॥૮॥

**વિશેષાર્થ :-** વિભાવદશામાં પરિણામ પામવું. પરદ્રવ્યમાં મોહાન્ધ બનવું. તે મારો મૂલધર્મ નથી. તેથી તે વિભાવપરિણતિનું વિરમણ કરીને મારા સ્વરૂપનો ભોગી મારા આત્માને મારે બનાવવો છે આવો પાકો વિચાર કરીને તેના ઉપાયને આ જીવ વિચારે છે.

જે આ મારો સંસારી આત્મા પરાનુગત - પરદ્રવ્યને અનુસર નારો બની જ ગયો છે તેને જો સીધેસીધો સ્વરૂપમાં જોડીશ તો તે ટકશે નહીં. બાબા ગાડીનું આલંબન લઈને ચાલતા બાળકનું જો બાબા ગાડીનું આ આલંબન લઈ લેવામાં આવે તો તે બાલક ચાલી તો ન જ શકે, પરંતુ પડી જાય. માટે નિમિત્તાવલંબી આ જીવને નિમિત્ત છોડાવવું નથી. પરંતુ પુદ્ગલદ્રવ્યનું જે નિમિત્ત છે. તેનો જ આ જીવ જે રંગી બન્યો છે. તે નિમિત્ત છોડાવીને શુદ્ધ એવા પરમાત્માના આલંબનવાળો બનાવવો. પણ હમણાં આલંબનવાળો તો રાખવો જ.

પર એવા વિજાતીયના આલંબનમાંથી મુક્ત કરીને પર એવા સ્વજાતિના આલંબનમાં જોડવો એ જ હમણાં પરમ ઉપાય છે.

Scanned with CamScanner

નિર્મોહી અને શુદ્ધજ્ઞાની એવા પરમાત્માની સાથે જોડીશું તો તેમની સાથે જોડાયો છતો પોતાના શુદ્ધ સ્વરૂપનો રંગી બનશે.

ત્યારબાદ અરિહંત પરમાત્માનું સ્વરૂપ અને મારા આત્માનું સ્વરૂપ ખરેખર તુલ્ય જ છે. તેથી તેવા પોતાના શુદ્ધ સ્વરૂપનો રસિક આ જીવ બનશે. ત્યારબાદ ભલે આ જીવ કર્મોથી પોતાના સ્વરૂપના આચ્છાદનવાળો છે તો પણ પોતાનું આવું શુદ્ધ સ્વરૂપ છે. આમ રૂચિ વાળો બનશે.

આવી રૂચિ પ્રગટ થવાથી પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા થાય છે. જાણપણું આવે છે તે શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે પ્રયત્નશીલ બને છે દિવસે દિવસે પરભાવદશાને ત્યજે છે. મોહદશા-વિભાવદશા-વિકારી અવસ્થાનો આ જીવ ત્યાગ કરતો જાય છે.

તત્ત્વપરિણતિવાળો બનીને મોહદશાને ત્યજતો ત્યજતો આત્મ-ભાવનો ગ્રાહક બને છે. તેના દ્વારા સમયે સમયે નવાં નવાં કર્મ બાંધવારૂપ અનાદિકાળથી પોતાનામાં ઘુસેલી પરગ્રહણતાને ટાળે છે.

કર્મોનો સંગ જેમ જેમ દૂર થાય છે તેમ તેમ તત્ત્વનો જ ભોગી થયો છતો આત્મભાવમાં જ રમનારો બને છે અને પરદ્રવ્ય જે પુદ્ગલદ્રવ્ય તથા અન્ય જીવદ્રવ્ય તે બન્નેની સાથેના સુખભોગો સ્વરૂપ પરભોગ્યતાને મૂલથી જ ત્યજી દે છે. આ રીતે આ જીવ પરદ્રવ્યના સંબંધથી દૂર થયો છતો સ્વરૂપરમણીક બને છે. આત્માની પરિણતિ જેટલા અંશે આત્મધર્મની ગ્રાહક બની. તેટલા અંશે કર્મબંધાદિકથી વિરમણ પામે અને સંવરપરિણતિવાળો આ આત્મા બનતો જાય છે.

તથા જેટલા અંશે તત્ત્વભોગી થાય. તેટલા અંશે પરભોગી પણું દૂર થાય તેથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરી પોતાનું સત્તાગત ગુણમય જીવન પ્રાપ્ત કરે છે. ॥ ૮ ॥

Scanned with CamScanner

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા,**
**આત્મક્ષેત્રે નહી અન્ય રક્ષણ તદા ॥**
**એક અસહાય નિઃસંગ નિર્દ્વન્દ્વતા,**
**શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** કાયિક પ્રયત્ન વિનાનો શુદ્ધ એવો આ આત્મા આત્મ પદનો ભોગી જ્યારથી બને છે ત્યારથી જ આત્માના ક્ષેત્રમાં અન્ય દ્રવ્યને (પુદ્ગલદ્રવ્યને અને તેનાથી થનારા રાગાદિભાવોને) રક્ષણ પ્રાપ્ત થતું નથી. આવું બને ત્યારે આ આત્મા એકલો કર્મોની સહાય વિનાનો, પરદ્રવ્યના સંગ વિનાનો, નિર્દ્વન્દ્વતાવાળો, ઔત્સર્ગિક ભાવે આત્મામાં જે અનંત શક્તિ છે તેની વ્યક્તતાવાળો બને છે. ॥ ૯ ॥

**વિવેચન :-** આ આત્મા પરમાત્માનો સંગ પામીને પોતાનું પરમાત્મા જેવું જ શુદ્ધ સ્વરૂપ છે. જે સ્વરૂપ પૌદ્ગલિક ભાવના સંસર્ગ વિનાનું છે તથા કાયિકાદિ પ્રયાસથી સાધ્ય નથી. એવા પ્રકારનું જે શુદ્ધ ગુણમય આત્મસ્વરૂપ છે. તેની જ રમણતાનો ભોગી થાય છે.

જ્યારથી સ્વસ્વરૂપનો ભોગી આ આત્મા બને છે ત્યારથી સર્વ આત્મપ્રદેશોમાં ઘર કરીને રહેલાં આઠ પ્રકારનાં કર્મો તથા અન્ય પૌદ્ગલિકભાવો તથા તેના કારણભૂત રાગ-દ્વેષાદિ મોહના વિકારો આવા ભાવોને જીવદ્રવ્યમાં રહેવા માટે રક્ષણ મળતું નથી. તેથી તેને નીકળવું જ પડે છે. તેવા ભાવાને આત્મામાંથી નાશ પામે જ છુટકો થાય છે.

આત્મામાં અનાદકાળથી એકમેક થઈને ચોંટેલાં કર્મોને નીકળે જ છુટકો થાય છે સર્વ પુદ્ગલદ્રવ્ય ખરી પડતાં આ આત્મા નિઃકર્મા બને છે. કર્મ વિનાનો શુદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.

આ આત્માની ઔત્સર્ગિક એવી મૂલતત્ત્વભૂત જે અનંતી અનંતી જ્ઞાનાદિગુણોની તથા વીર્યગુણની જે શક્તિ સત્તામાં પડેલી છે તે શક્તિ

Scanned with CamScanner

કાળાન્તરે પૂર્ણપણે પ્રગટ થાય છે આમ આ આત્મા આઠે કર્મોથી રહિત થયો છતો પોતાની ગુણસંપત્તિને પ્રગટ કરનારો બને છે. ॥ ૯ ॥

**તેણે મુજ આત્મા તુજ થકી નીપજે,**
**માહરી સંપદા સકલ મુજ સંપજે ॥**
**તેણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,**
**પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇયેં ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** હે વીતરાગ પરમાત્મા ! આપશ્રીના નિમિત્તને પામીને મારા આત્માનું સિદ્ધપણું મારા આત્મામાંથી જ નીપજે છે. તથા મારી પોતાની સકલ સંપદા (સંપત્તિ) મારામાંથી જ પ્રગટ થાય તેમ છે. પરંતુ તમારૂં નિમિત્ત પામીને થાય. તે માટે હે પ્રભુ ! તમે મારા મનમંદિરમાં પધારો. ધર્મનાથ પ્રભુનું ધ્યાન કરતાં કરતાં, પરમ એવું દેવચંદ્રની ઉપમાવાળું પોતાનું જ સિદ્ધિ સુખ પ્રાપ્ત કરીએ. ॥ ૧૦ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! શુદ્ધ ચિદાનંદમય મારૂં સ્વરૂપ મારામાંથી જ પ્રગટ થાય છે. મારે કોઈનું સ્વરૂપ ઉછિતું લેવું પડતું નથી અને આવે પણ નહી. પરંતુ મારામાં જ રહેલું મારૂં સ્વરૂપ તો જ પ્રગટ થાય કે જો તેમાં પ્રબળ નિમિત્તકારણ હોય તો.

જેમ રાત્રે સૂતેલા મનુષ્યો પોતે સ્વયં જાગૃત થાય છે તેને કોઈ જાગૃત કરતું નથી. પરંતુ સૂર્યનો ઉદય તેમાં પ્રબળ નિમિત્તકારણ છે તેમ અહીં સમજવું.

મારી ગુણોની સંપત્તિ હે પ્રભુ । મારામાંથી જ પ્રગટ થાય છે તમારી ગુણસંપત્તિ મારામાં આવતી નથી. પરંતુ મારી પોતાની સત્તાગત ગુણસંપત્તિ પ્રગટ કરવામાં આપશ્રી પરમ નિમિત્તકારણ છો.

મારૂં પોતાનું અનંત ગુણ-પર્યાય રૂપ શુદ્ધસ્વરૂપ, તથા પોતાના ગુણ પર્યાયોનું કર્તાપણું, પોતાના જ ગુણ-પર્યાયોનું ભોક્તાપણું,

Scanned with CamScanner

પોતાના સ્વરૂપનું ઐશ્વર્ય, પોતાના આત્માનું જ અવ્યાબાધ સુખ, આ સર્વ ગુણસંપત્તિ મારી પોતાની આત્માની માલિકીવાળી છે. અને તે મારામાં જ છે. પરંતુ તે સર્વ ગુણસંપત્તિ મોહાધીન એવા કર્મોથી આવૃત છે. જો તે સંપત્તિ આવિર્ભૂત થાય તો હું પોતે નારી પોતાની અરૂપી સત્તાગત રહેલી એવી તત્ત્વસંપદાનો એટલે કે તાત્ત્વિક આત્મિકગુણસંપત્તિનો સ્વામી થાઉં. તથા તેને ભોગવનારો ભોગી થાઉં. આ સંપત્તિ પ્રગટ થયા પછી સદા કાળ રહેનાર છે એટલે હું અવિનાશી સંપત્તિવાળો બનું.

આ પ્રગટ થવામાં તમે જ પરમનિમિત્તકારણ છો. જેમ સૂર્યનો ઉદય થાય એટલે બધા જ લોકો નિદ્રાનો ત્યાગ કરી પોતપોતાના કામકાજમાં જોડાય છે. સૂર્ય ઉદયમાં આવીને કોઈને કંઈ કહેતો નથી. તે પોતે કોઇને જગાડતો નથી. તો પણ તેના ઉદયને પામીને જ લોકો પોતપોતાના કામકાજમાં જોડાય છે. તેમ હે પરમાત્મા ! તમે કોઈને કંઈ કહેતા નથી. કારણ કે તમે વીતરાગ અવસ્થાવાળા છો. તો પણ તમારૂં નિમિત્ત પામીને સર્વે આત્માઓ પોતાના સત્તાગત ગુણોને પ્રગટ કરવાનો જે પ્રયત્ન કરે છે તેની સફલતામાં આપશ્રી જ પરમકારણ છો.

આ કારણે હું પોતે મારીપોતાની ગુણસંપત્તિ પ્રાપ્ત કરૂં. તેમાં પ્રભુજીનો જ પરમ ઉપકાર છે. તે કારણે હે પરમાત્મા ! આપશ્રી મારા મનમંદિરમાં પધારો પધારો. ફરી ફરી વિનંતિ કરું છું.

મનમાં ધર્મનાથ પ્રભુજીનું ધ્યાન કરીશું. એક ક્ષણવાર સાંસારિક બીજી ઉપાધિઓને વિચારીશું નહીં. અને આ ધર્મનાથ પરમાત્માના ગુણો અને ઉપકારનું વિશેષ ચિંતન-મનન કરીશું અને હાર્દિક બહુમાન કરવા પૂર્વક ધ્યાન ધરીશું. તો મારી ગુણસંપત્તિ અવશ્ય પ્રગટ થશેજ.

નવા નવા સાધક આત્માને પોતાની ગુણસંપત્તિ પ્રગટ કરવામાં

Scanned with CamScanner

આ પરમાત્મા જ પરમ સાધન છે. આ પરમાત્મા જ મોટો આધાર છે જો આ પરમાત્માનું નિમિત્ત બરાબર પ્રાપ્ત કરી લઈએ તો પરમ સ્વરૂપવાળા જે દેવ (પરમાત્મા), તથા આત્મસ્વરૂપમાં જ લયલીન રહેનારા મુનિમહારાજા, આ બન્ને તત્ત્વોમાં ચંદ્રમા સમાન જે પરમ આત્મસ્વરૂપ છે એવું પોતાના આત્માનું પરમાત્મપદ સ્વરૂપ પોતાનું સિદ્ધિ સુખ આપણે સ્હેજે સ્હેજે (ઓછા પ્રયત્ને) પ્રાપ્ત કરી શકીએ.

પોતાના આત્માની ગુણસંપત્તિ પોતામાં જ છે. ફક્ત તેનો ઉઘાડ થવામાં પરમાત્મા અસાધારણ કારણ છે. પરમાત્મા શ્રી વીતરાગ દેવનું આલંબન લેવાથી અવ્યાબાધાદિ પરમસુખ પ્રાપ્ત કરી શકાય છે. મોક્ષપ્રાપ્તિનો આ જ પરમ એક ઉપાય છે તે માટે શ્રી અરિહંત પરમાત્માનું સેવન નિરનુષ્ઠાનપણે સતત કરવું. ॥ ૧૦ ॥

**॥ પંદરમા શ્રી ધર્મનાથ પરમાત્માના સ્તવનના અર્થો સમાપ્ત થયા ॥**

Scanned with CamScanner

## શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

ઇમ કરીએ રે નેડા ઇમ કરીએ રે, સુગુણાશું નેડા ઇમ કરીએ; ચિત્ત અટક્યું પ્રભુની ચાકરીએ, ભવ સાગર સુખથી તરીએ રે. જિનજીશું નેડા ઇમ કરીએ ॥ ૧ ॥ એકને મૂકી બેને ખંડી, ત્રણનો સંગ તે પરિહરિએ સુગુણા૦; ચાર જણા શિર ચોટ કરીને, પાંચની સેવા અનુસરીએ. સુગુણા૦ ॥ ૨ ॥ છ સત્ત અઠ નવ દશાને છંડી, એકાદશા દિલમાં ધરીએ રે સુગુણા૦; બારનો આદર કરી અહોનિશ, તેરથી મનમાં ધણું ડરીએરે. સુ૦ ॥ ૩ ॥ પાંચ આઠ નવ દશ તેરને, બાંધી નાંખીએ ભરદરીએ રે સુ૦; સત્તાવીશનો સંગ કરીને, પચીશની પ્રીતે ઠરીએ રે. સુ૦ ॥ ૪ ॥ બત્રીશ તેત્રીશ ચોરાશી ઓગણીશ, ટાળી ચારથી નવિ ફરીએ રે સુ૦; સુડતાળીશથી દૂરે રહીએ, એકાવન મનમાં ભરીએ રે. સુ૦ ॥ ૫ ॥ વીશને સેવી બાવીશ બાંધી, ત્રેવીશથી નિશદિન લહીએ રે સુ૦; ધર્મ પ્રભુશું સ્નેહ કરતાં, અમૃત સુખ રંગે વરીએ રે. સુ૦ ॥ ૬ ॥

# શ્રી ધર્મનાથ પ્રભુના સ્તવનની નોટ.

ગાથા બીજી

એક મિથ્યાત્વ

બે રાગ, દ્વેષ

ત્રણ લેશ્યા, શલ્ય, વિરાધના

ચાર કષાય

પાંચ મહાવ્રત

ગાથા ત્રીજી

છ કાયની વિરાધના

સાત ભયસ્થાન, વ્યસન

આઠ મદ

નવ નિયાણાં

દશ સંજ્ઞા, સંકલેશ

અગીયાર અંગ (શ્રાવકની પડિમા)

બાર ઉપાંગ (શ્રાવકનાં વ્રત)

તેર કાઠિયા

## ગાથા ચોથી

પાંચ પ્રમાદ

આઠ કર્મ

નવ નિયાણાં, અબ્રહ્મચર્ય

દશ સંક્લેશ

તેર કાઠિયા, ક્રિયાસ્થાન

સત્યાવીશ સાધુના ગુણ

પચ્ચીશ પાંચ મહાવ્રતની ભાવના

## ગાથા પાંચમી

બત્રીશ મન વચન કાયાના દોષ

તેત્રીશ ગુરૂની આશાતના

ચોરાશી જિનમંદિરની આશાતના

ઓગણીશ કાઉસગ્ગના દોષ

ચાર વિકથા

સુડતાલીશ આહારના દોષ

એકાવન પાંચ જ્ઞાનના ભેદ

## ગાથા છઠ્ઠી

વીશ સ્થાનક

બાવીશ પરીસહ

ત્રેવીશ પાંચ ઇંદ્રિયોના વિષયો